ASCJ & ACJM, LALPUR. ફો.કે. નંબર ૭૩૬/૨૦૨૬

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩/ ૦૬/ ૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩/ ૦૬/ ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૮/૦૭/ ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**મે.લાલપુરના એડિશ્નલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં.–૭૩૬/૨૦૨૬**
આંક–

**ફરિયાદી :– શ્રી સરકાર**

**–– //વિરૂદ્ધ //––**

**આરોપી :– મુંજરાજ અમરજીભાઈ સુમેત**
રહે.કાનાલુસ ચારણ નેશ
તા. લાલપુર જિ. જામનગર.

---

**ગુન્હો :– પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫(એ),(એ) મુજબનો...**

---

---

સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી. એન.પી.જાની

આરોપી તર્ફે વિ.વકીલ શ્રી એ.એમ.કામડીયા

---

**–// ચુકાદો //–**

(૧).. આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, તા.૨૭/ ૦૩/ ૨૦૨૬ ના રોજ આ કામના આરોપીને ત્યાં રેડ કરેલ હતી અને તે દરમ્યાન આરોપીના કબજામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર–૧૦, કિંમત રૂ.૨૦૦૦/– નો મળી આવેલ

અને તપાસ પુર્ણ થયા પછી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબ આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હતું. ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીની અટક કરેલ છે અને આરોપીને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપી જામીન મુક્ત થયેલા છે.

(૨).. આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ જેથી ચાર્જશીટના આધારે આ કામના આરોપીને ધોરણસર સમન્સ કરતા આરોપી નામદાર અદાલત સમક્ષ હાજર રહેતા તેઓને તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ અન્વયે પુરી પાડવામાં આવેલ છે અને આ ગુનાના કામે આરોપી સામે તહોમતનામું આંક–૦૪ થી તહોમતનામું ફરમાવેલ છે અને આંક–૦૫ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે જેમાં તેઓએ આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરેલ છે જેથી આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ છે.

(૩).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવાઃ**–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ત.ક.અ. વિરેન્દ્રસિંહ ચંદુભા જાડેજા ની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૧૩ | પંચ સાહેદ મેસુરભાઈ કેસુરભાઈ સુમેતની સોગંદ પરની જુબાની. |
| ૩ | ૧૪ | પંચ સાહેદ પાલાભાઈ કેશુભાઈ સુમેતની સોગંદ પરની જુબાની. |

**દસ્તાવેજી પુરાવાઃ**–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદ |
| ૨ | ૦૯ | પંચનામુ |

(૪).. ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખિકરીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષે રજુ પુરાવાઓ અનુસંધાને આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેઓને સદર કેસમાંથી નિદોર્ષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૫).. ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી એ દલીલ કરેલ છે જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર થતો હોય આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવી દલીલો કરી આરોપીને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૬).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--// મુદ્દા//--**

**(૧)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીના કબજામાં થી ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર-૧૦, કિંમત રૂા.૨૦૦૦/- નો રાખી પ્રોહીબીશન એક્ટની કલમ- ૬૫(એ) (એ) મુજબનો ગુનો આચરેલ છે ?

**(૨)** શું હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ.

**-//<u>કારણો</u>//-**

**મુદ્દા ન.–૧ અંગે ચર્ચાઃ–**

૧. ફરીયાદપક્ષે આંક–૦૭ થી તપાસેલ ત.ક.અ. વિરેન્દ્રસિંહ ચંદુભા જાડેજાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ પેટ્રોલિગમા હતા ત્યારે બાતમી મળેલ કે મુંજરાજ અમરજીભાઈ સુમેત પોતાને ત્યા દેશી દારુની પ્રવૃતિ કેર છે. આરોપીના કબજામાં દારૂ છે તેવી બાતમી મળતા બે પંચો બોલાવી તમો આરોપી ને ત્યા રેડ કરતા કોઈ હાજર ન હોય અને ઝડતી કરતા ૧૦ લીટર, રૂ. ૨૦૦૦/– નો મળી આવેલ અને તેમાથી થોડો સેમ્પલ માટે લઈ બાકીનો એફ. એસ. એલ. માટે કબજે કરેલ અને પ્રદીપસિંહ દશરથસિંહ જેઠવાએ તમો વિરૂધ્ધ ફરીયાદ આપેલ તે ફરીયાદમા રૂબરૂની સહી ઓળખી બતાવેલ છે.

સદરહું સાહેદની બચાવપક્ષ તરફની ઉલટ તપાસ દરમ્યાન એ વાતનો સ્વીકાર કરેલ નથી કે, અમે પેટ્રોલીગમા જઈએ તો વાહનની વિગત સ્ટેશન ડાયરીમા નોંધવાની હોય છે.એ વાત સ્વીકાર કરેલ છે કે,પેટ્રોલિગ વાળા વાહનનુ નંબર ફરીયાદમા જણાવેલ નથી.એ વાત સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળી જગ્યાએ ઘણા બધા રહેણાક આવેલ છે તેમજ ત્યા ઘણાબધા માણસો ની અવરજવર રહે છે.એ વાત સ્વીકાર કરેલ છે કે,ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી.એ વાતનો સ્વીકાર કરેલ નથી કે, અમો એ જાતે જ પંચનામુ તથા કલમ ૧૨૦ નો ઠરાવ તૈયાર કરી પાછળ થી પંચોની સહી કરાવેલ છે.એ વાત ખરી છે કે, હાલના કામમા પોલીસ સાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદ લીધેલ નથી.એ વાતનો સ્વીકાર કરેલ નથી કે, આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે.

૨. સદર કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી પંચ સાહેદ મેસુરભાઈ કેસુરભાઈ સુમેત તથા આંક–૧૪ થી પંચ સાહેદ પાલાભાઈ કેશુભાઈ સુમેત તપાસેલા છે. તેઓની જુબાની જોતા તેઓને પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલ હોવાનુ જણાવેલ છે અને આ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર

કરેલા છે અને વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકીકત બહાર આવેલ નથી.

આ કામે ફરીયાદપક્ષના પડેલ પુરાવાનુ સમગ્ર રીતે **મુલ્યાંકન** કરીયે તો આ કામનો બનાવ જાહેર સ્થળે એટલે કે વસ્તીવાળા વિસ્તારમાં બનેલ હોવા છતાં, ફરીયાદ પક્ષ તર્ફે કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી. પોલીસ સાહેદોની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદનું સર્મથન પ્રાપ્ત થયેલ નથી. તદઉપરાંત, જેમની રૂબરૂમાં આ ગુનાનો મુદ્દામાલ કબ્જે કર્યાનો ફરીયાદ પક્ષનો કેસ છે, તે પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર પણ સર્મથન આપતા નથી. તેમજ પંચ સાહેદોની ઉલટતપાસમાં નોંધપાત્ર વિરોધાભાસ જણાઇ આવે છે. જેથી ફરીયાદ પક્ષ પંચનામાની હકીકત ને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તે ઉપરાંત આ કામે કબ્જે લેવાયેલ મુદામાલ દારૂ હતો તે બાબતનો કોઇ રીપોર્ટ રજુ થયેલો નથી. ફોજદારી ન્યાયશાસ્ત્રનો સ્થાપિત સિદ્ધાંત એવો છે કે ફરિયાદપક્ષ પર વાજબી શંકાની બહાર પોતાનો કેસ સાબિત કરવાનો ભાર રહે છે. આ બાબતમાં, જુબાનીઓમાં રહેલી ખામીઓ અને વિસંગતતાઓ અને સ્વતંત્ર સમર્થનના અભાવને ધ્યાનમાં રાખીને, વાજબી શંકાનો લાભ આરોપીના પક્ષમાં જ હોવો જોઈએ.આ સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરી શકેલ નથી તેવા તારણ પર હું આવુ છુ અને તેથી મુદા નં. ૧ નો જવાબ હુ નકારમાં આપુ છુ અને મુદા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**-//<u>આખરી હુકમ</u>//-**

**(૧)** આ કામના આરોપી **મુંજરાજ અમરજીભાઈ સુમેત** પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબ નાં શિક્ષાપાત્ર ગુના માથી બી. એન. એસ. એસ.ની કલમ ૨૫૧ અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના જામીન તથા જાતમુચરકા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૯૩ (સીઆર.પી.સી.ની કલમ–૪૩૭–એ) હેઠળ છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. બીન કીંમતી મુદ્દામાલ નો અપીલ સમય વીત્યે નાશ કરવો.

આ હુકમ આજ તા. ૦૮ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮ /૦૭/૨૦૨૬
સ્થળ લાલપુર

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
**CODE NO.GJ01115**